## તંત્રી સ્થાનેથી......

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે લોકસભાને માહિતી આપી કે સોશિયલ મીડિયા અને ફેક ન્યૂઝ અંગેનો મુદ્દો ખૂબ જ ગંભીર બાબત છે. તેમણે જણાવ્યું કે ફેક ન્યૂઝ ભારતની લોકશાહી માટે ખતરો ઊભો કરે છે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, ખોટી માહિતી અને છૈં-જનરેટેડ ડીપફેક્સ પર કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે અવલોકન કર્યું કે જે રીતે સોશિયલ મીડિયાનો ઉપયોગ થઈ રહ્યો છે, તેનાથી અમુક એવી ઈકોસિસ્ટમ્સ ( પ્રણાલીઓ) બની છે જે ભારતનું બંધારણ અથવા સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓનું પાલન કરવા માંગતી નથી. તેમણે મક્કમ પગલાં લેવા અને વધુ મજબૂત નિયમો ઘડવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો. સંસદમાં એક પ્રશ્નનો જવાબ આપતાં શ્રી વૈષ્ણવે માહિતી આપી કે તાજેતરમાં નવા નિયમો રજૂ કરવામાં આવ્યા છે, જેમાં છત્રીસ કલાકની અંદર કન્ટેન્ટ હટાવવાની જોગવાઈનો સમાવેશ થાય છે. છૈં-જનરેટેડ ડીપફેક્સને ઓળખવા અને તેના પર જરૂરી કાર્યવાહી કરવા માટેનો ડ્રાફ્ટ નિયમ પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે અને તેના પર હાલમાં પરામર્શ ચાલી રહ્યો છે. મંત્રીએ સંસદીય સમિતિના કાર્યની પ્રશંસા કરી અને કાયદાકીય માળખાને મજબૂત કરવા માટેની મુખ્ય ભલામણો ધરાવતો વિગતવાર અહેવાલ રજૂ કરવા બદલ શ્રી નિશિકાંત દુબે અને તમામ સભ્યોનો આભાર માન્યો. મંત્રીએ જણાવ્યું કે ફેક ન્યૂઝ અને સોશિયલ મીડિયા સંબંધિત મુદ્દાઓમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને આપણી લોકશાહીના રક્ષણ વચ્ચે નાજુક સંતુલન જાળવવું જરૂરી છે અને સરકાર આ સંતુલન પ્રત્યે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે કામ કરી રહી છે. તેમણે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ડિજિટલ ઈન્ડિયા પહેલે એક મોટું પરિવર્તન લાવ્યું છે અને ટેકનોલોજીનું લોકશાહીકરણ કર્યું છે, જેના સકારાત્મક પ્રભાવોને સ્વીકારવા જોઈએ. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયાએ દરેક નાગરિકને એક મંચ પણ પૂરું પાડ્યું છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને, સરકાર સંસ્થાઓને મજબૂત કરવા અને સમાજનો પાયો રચતા વિશ્વાસને ટકાવી રાખવા માટે કામ કરી રહી છે.

# ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાનોને યોગ્ય તકો તથા રોજગાર અવસરો આપીને તેમની અસિમ શકિતને વિકસિત ગુજરાતના નિર્માણમાં જોડવાની GARCના છઠ્ઠા અહેવાલમાં ભલામણો

## ગુજરાત વહીવટી સુધારણા પંચ GARCનો છઠ્ઠો અહેવાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને સોંપાયો



### છઠ્ઠા અહેવાલની મુખ્ય ભલામણો

- ભરતી પ્રક્રિયા પૂરી કરવા માટે નિશ્ચિત સમય મર્યાદા
- સંયુક્ત ભરતી અને કેમન સેન્ટ્રલ ટેસ્ટ (CET)
- દર બે વર્ષે નિશ્ચિત રિક્વીઝેશન વિન્ડો
- સંપૂર્ણ ડિજિટલ ડોક્યુમેન્ટ વેરીફિકેશન
- કેન્ડિડેટ ફ્રેન્ડલી - એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડ
- રિક્વિઝનથી નિમણૂક સુધી સંપૂર્ણ ડીજીટલ વર્કફ્લો
- ભરતી એજન્સીઓની ક્ષમતામાં વધારો - પુનર્ગઠન
- કોમ્પ્યુટર બેઝ્ડ પરીક્ષાઓનો વ્યાપક ઉપયોગ
- ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાઓને યોગ્ય તકો અને રોજગાર અવસરો આપીને તેમની અસીમશક્તિને વિકસિત રાષ્ટ્ર - વિકસિત રાજ્યના નિર્માણમાં જોડવાના આપેલા વિચારને રાજ્યમાં સાકાર કરવાનો અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે. આ હેતુસર તેમણે રાજ્ય સરકારના વહીવટી માળખાઅને કાર્યપદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ.હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચ GARCનીરચના કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનેઆ વહીવટીસુધારણાપંચ-GARC નો છઠ્ઠો ભલામણ અહેવાલ પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ બુધવારે ગાંધીનગરમાં સુપ્રત કર્યો હતો. GARC એ અત્યાર સુધીમાં રાજ્ય સરકારને પાંચ ભલામણ અહેવાલોસોંપ્યાછે. મુખ્યમંત્રીશ્રીને બુધવારે સુપ્રત કરવામાં આવેલા છઠ્ઠા અહેવાલમાંરાજ્યમાં ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શી, ટેકનોલોજીયુક્ત અને યુવા કેન્દ્રિત બનાવવાની નવજેટલી ભલામણો કરવામાં આવેલી છે. GARC ના આ છઠ્ઠા અહેવાલમાં જે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે તે અનુસાર,

**૧. ભરતી પ્રક્રીયા પૂરી કરવા માટેની નિશ્ચિત ટાઇમલાઇન**

જે ભરતી પ્રક્રિયામાં ત્રણ સ્ટેજ હોય તે૯ થી ૧૨ મહિનામાં અને જેમાંબે સ્ટેજ હોય તે પ્રક્રિયા ૬ થી ૯ મહિનામાં પૂરી કરવાની તથા ભવિષ્યમાં આ સમયગાળાથી પણ ઓછા સમયમાંભરતી પ્રક્રિયા પૂરી થાય તે મુજબની ભલામણ કરવામાંઆવી છે.

**૨. સંયુક્ત ભરતી અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)**

સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતી વિવિધ કેડરો માટે સંયુક્ત પ્રિલિમ્સ તથા વિષયવાર મેઈન્સ પરીક્ષા યોજીને ભરતી પ્રક્રિયામાં એકરૂપતા લાવવા અને તેનાથી સમાનપ્રકારની કેડર માટે અલગ-અલગપરીક્ષા પાછળ થતા વહીવટી અને નાણાંકીય ખર્ચમાંઘણો ઘટાડો કરીને ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકે તેમ અહેવાલમાં સૂચવવામાંઆવ્યું છે.

**૩. દર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડો**

દર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડો નક્કી કરીને તમામ વિભાગો દ્વારા ઓનલાઈન માંગણાપત્રક સબમિટ કરવાની વ્યવસ્થા સાથે ભરતી નિયમો, પરીક્ષા નિયમો તેમજ ટ્રેનિંગ નિયમો માટે એક કેન્દ્રિય સેલની રચના કરવાનીભલામણ કરવામાં આવીછે. આનાપરિણામે, ભરતી પ્રક્રીયા માટે જરૂરી નિયમો ખૂબ ઝડપથી આખરી થઈ શકશે અને ભરતીપ્રક્રિયાઝડપી બનશે તેમ આ છઠ્ઠા ભલામણ અહેવાલમાં જણાવવામાંઆવ્યું છે.

**૪. સંપૂર્ણ ડિજિટલ ડોક્યુમેન્ટ વેરિફિકેશન (IASS)**

હાલ થતી મેન્યુઅલ ચકાસણીને બદલે સંપૂર્ણપણે ડિજિટલ દસ્તાવેજ ચકાસણી તથા ડિજી-લોકરની જેમજ API-લિંક્ડ ડેટાબેઝ અને યુનિક ઉમેદવાર ડોક્યુમેન્ટ રજિસ્ટ્રીની રચનાથી ભરતી કરતી સંસ્થા અને સરકારી વિભાગો વચ્ચે ઉમેદવારોના દસ્તાવેજો સરળતાથી મોકલી શકાશે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ ખૂબ અસરકારક બનશે તેમ આ અહેવાલમાંસૂચવવામાં આવ્યુ છે.

**૫. કેન્ડિડેટ ફ્રેન્ડલી - એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડ**

ઉમેદવાર આધારિત યુનિક ID પર એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડ, જેમાં અરજીથી લઈને નિમણૂક સુધીનીસંપૂર્ણપ્રક્રિયા ટ્રેક કરી શકાય તેવી વ્યવસ્થા સાથે જિલ્લાવાર પોસ્ટિંગ માટે ડિજિટલ માધ્યમથી જિલ્લા પસંદગીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી ભલામણ પણ GARC નાઆ અહેવાલમાંથઈ છે.

**૬. રિક્વિઝિશનથી નિમણૂક સુધી સંપૂર્ણ ડિજિટલ વર્કફ્લો**

એકીકૃત ડિજિટલ પોર્ટલ દ્વારા તમામ સ્ટેકહોલ્ડર્સ (વિભાગો –એજન્સીઓ –ઉમેદવારો) વચ્ચે માહિતીની આપ-લે શક્ય બનશે અને ઉમેદવારોએ એક જ પ્રકારના દસ્તાવેજો વારે ઘડિયે અલગ અલગ ભરતી સંસ્થાઓ સમક્ષ રજૂ કરવાની જરૂરિયાત ન રહે તેવી વ્યવસ્થાથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના અભિગમ સાથે એકરૂપતાની ભલામણ કરવામાંઆવેલી છે.

**૭. ભરતી એજન્સીઓની ક્ષમતામાં વધારો અને પુનર્ગઠ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વિવિધ તબીબીતજજ્ઞોની ભરતીમાટે નવા મેડિકલ સર્વિસીસ રિક્રુટમેન્ટ બોર્ડ (MSRB)ની રચના કરવાની તેમજ GSSSB, GPSSB અને GPRBને ગુજરાત જાહેર સેવા આયોગની સમકક્ષ જરૂરી વહીવટી અને આર્થિક સ્વાયત્તતા આપવાની ભલામણ આ અહેવાલમાંથઈ છે.

**૮. Computer-Based પરીક્ષાઓનો વ્યાપક ઉપયોગ**

રાજ્યમાં શક્ય તેટલી પરીક્ષાઓ કમ્પ્યુટર આધારિત (Computer Based) લેવામાંઆવે અને આવી પરીક્ષાની અસરકારક દેખરેખ માટે દરેક ભરતી એજન્સીમાં એક અલગ એકઝામ મોનિટરીંગ યુનિટ (EMU)ની સ્થાપના કરવામાં આવે તેવુ પણ સૂચવવામાં આવેલું છે.

**૯. ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર**

દરેક વિભાગ માટે ભવિષ્યની જરૂરિયાતો આધારિત ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરની સમીક્ષા હાથ ધરીને ખૂબ જ અગત્યતી ઈમરજન્સી સર્વિસ તેમજ ક્રિટિકલ કેડરની ઓળખ કરીને શક્ય તેટલી ઝડપથી ભરતી કરવાનીભલામણ ૬ARC એકરી છે.

દેશના વિકાસમાં અગ્રેસર ગુજરાતના યુવાનોને ઝડપથી વધુ અને અસરકારક રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના સંકલ્પને આ ભલામણોથી પાર પાડી શકાશે. એટલું જ નહિ, GARC એ સુચવેલી આ ભલામણો અમલમાં મુકાવાથી ભરતી પ્રક્રિયાએક વર્ષથી ઓછી સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકે, રાજ્યનાયુવાનોને સમયસર અને પારદર્શકરોજગારી તક પ્રાપ્ત થાય, લાંબા સમયથીપેન્ડિંગ ખાલી જગ્યાઓ ઝડપથી ભરાય અને સરકારની વહીવટીક્ષમતા અને જાહેર સેવા પ્રદાનમાં ગતિ આવે તેવો રાજ્ય સરકારનો અભિગમ સાકાર થશે. મુખ્યમંત્રીશ્રીને GARCનો આ છઠ્ઠો અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો તે અવસરે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, વહિવટી સુધારણા પ્રભાગના અગ્ર સચિવ શ્રી હારિત શુક્લા તથા મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને ૬છઈઝના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૬છઈઝના છઠ્ઠા અહેવાલની આ ભલામણો GARC નીવેબસાઈટ https://garcguj.in/re-sources ઉપર અપલોડ કરવામાં આવેલીછે.

# શંખેશ્વરમાં શ્રી જ્ઞાનસાર એક અધ્યાત્મ ગીતા ગ્રંથ નું વિમોચન યોજાયું.



### આ જ્ઞાનસાર ગ્રંથ ની વિશેષતા

- ભારતમાં સૌ પ્રથમવાર મલ્ટી (ફોર). કલરમાં જ્ઞાનસાર ગ્રંથ પ્રકાશિત થયેલ છે.
- જ્ઞાનસાર ૩૨ અષ્ટક નું બત્રીશી રૂપે ગુજરાતી અને હિન્દીમાં માહાગાન કરવામાં આવ્યું છે.
- જ્ઞાનસાર ગ્રંથના કુલ-પાના ૫૦૦ છે.
- આ ગ્રંથ નું નામ શ્રી જ્ઞાનસાર એક અધ્યાત્મ ગીતા ગ્રંથ છે.

કમલમ્,

શંખેશ્વર મહાતીર્થે જહાજ મંદિર એકરવાલાધામે માનવતાના મસીહા પ.પૂ.આ.ભ. શ્રીમદ વિજય રત્નશેખરસૂરીશ્વજી મહારાજાના ૫૦માં (ગોલ્ડન્ જ્યુબિલી) દીક્ષા દીનના અવસરે શાસ્ત્રીય સંગીત વિશારદ, ભકત કવિ,પ્રખર સંગીત તજ્ઞ્યશ્રી આશિષભાઈ મહેતાદ્વારા શ્રી જ્ઞાનસાર એક અધ્યાત્મ ગીતા ગ્રંથ નું સુંદર રીતે તૈયાર કરવામાં આવેલ.જેનું શ્રીઅર્હદ મહાપૂજન અંતર્ગત મૌનવરિષ્ઠ મુનિશ્રી પૂણ્યરત્નમહારાજ સાહેબ,મુનિશ્રી નયશેખર મહારાજ સાહેબ એવં સા. સુનંદિતાશ્રીજી મ.સા,સા.કૃતિનંદિતા શ્રીજી મ.સા,સા.અર્હમનંદિતા શ્રીજી મ.સા,સા.અમીવર્ષાશ્રીજી મ.સા ના શુભ સાનિધ્યમાં શાસ્ત્રીય સંગીત વિશારદ શ્રી આશિષભાઈ મહેતા દ્વારાપ્રકાશિત શ્રી જ્ઞાનસાર એક અધ્યાત્મ ગીતા ગ્રંથ નું વિમોચન કરવામાં આવેલ.વિમોચન બાદ પૂજય મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબને શ્રીજ્ઞાનસાર ગ્રંથ અર્પણ કરવામાં આવેલ.આત્મજ્ઞાન સાથે જોડીઆપતા અનેકશાસ્ત્રો આપણે ત્યાં છે, એમાંનું એક શાસ્ત્ર તે ષડદર્શન શાસ્ત્રવેત્તા ૩૫૦ વર્ષ પહેલાં મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજની અનુભૂતિની અમૃતવાણીના સ્વર્ણિમ પૃષ્ઠો જેમાં સમાયા છે એ ગ્રંથ "જ્ઞાનસાર- એક અધ્યાત્મગીતા"!! એનું વાંચન, શ્રવણ કરતાં કરતાંસાધકઆત્મિક આનંદનીઅનુભૂતિને પામેછે અને પૂર્ણાનંદની અવસ્થાએ પહોંચે છે. જ્ઞાન મળે તો સત્યની સમજ મળે, આત્માની ઓળખ થાય, જીવનનો અર્થ સમજાય, ભૌતિક અને આધિભૌતિક જીવનના આટાપાટાની જે-જે ભ્રમણાઓ છે તે ભાંગે અને જીવનમાં જ્ઞાનનું, ભક્તિનું અજવાળું રેલાય. આ અજવાળાને ઝીલવાહંમેશા ઉત્સુક હોય છેસાધક વ્યક્તિ.જ્ઞાનસારના શબ્દોમાં સમાયેલા ભક્તિના, શ્રદ્ધાના, સાધનાના, શરણાગતિના ભાવને સ્વરબધ્ધ કરીને ભાવપૂર્ણ અધ્યાત્મગીતાબહુજન હિતાયના ઉદ્દેશથી લઈને આવ્યા છે;જાણીતા સ્વરકાર અને સંગીતકાર, શ્રીઆશિષ મહેતા અમદાવાદમાં સ્થાયી થઈને તેમણે દેશ-વિદેશમાં,સમગ્રભારતભરમાં તથા ગુજરાતના અનેક પ્રદેશોમાં અને મહાનગરોમાં પોતાના ભક્તિસંગીત થકી પોતાના સ્વરની સુગંધ પ્રસરાવી છે. તેમની વિશેષ ઓળખ એ છે કે તેઓ એમના કાર્યક્રમોમાં જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોને,તત્વને,પરંપરાને સાચવીનેપોતીકી રીતેનવા સમયને અનુરૂપ, પરિવર્તનોને સ્વીકારીને, અર્થપૂર્ણ પ્રસ્તુતિ કરીને,શ્રોતાઓના હૃદયમાં પોતાનું સ્થાન પામી શક્યા છે.એમની સાથે વાત કરનાર,જાણનારકે ઓળખનારને એમના સ્વભાવમાં સમાયેલા ઋજુતાઅને આત્મીયતા,સહજતા અને સરળતા, કલ્યાણમિત્રની સંવેદના,સાધુ-સાધ્વીભગવંતોઅને ગુરુ ભગવંતો પ્રત્યેનો આદર તથા સ્નેહ,જૈન ધર્મની અનેએ સિવાયના અધ્યાત્મ જગતની ઊંડી સમજ અને અભ્યાસ જેવાગુણોનો સહજ પરિચય થાય છે.એમની વિવિધ પ્રસ્તુતિમાં એમનાસ્વરમાં ચિંતનનો રણકાર, શબ્દોની વિવિધતા અને શબ્દોના ભાવનીઊંડાઈનું કૌશલ્ય અનુભવી શકાય છે.પરમાત્માના પાંચ કલ્યાણકોની ભકિતસભર સંગીતમય પ્રસ્તુતિ અંજનશલાકા એ તેમનો પ્રિય વિષય છે.તેઓ ગાયક અને સ્વરકાર તો છે જ,ખૂબ સારા અભ્યાસુલેખક, સંકલનકાર અને વક્તાપણ છે. એટલે એમના વાણી પ્રવાહમાં જૈન ધર્મનું, ભારતની સનાતન સંસ્કૃતિનું, અધ્યાત્મજગતનું જ્ઞાન અર્થપૂર્ણ રીતે અનુભવી શકાય છે.આવા સ્વરકાર અને સંગીતકાર આશિષ મહેતા દ્વારા "જ્ઞાનસાર- એક અધ્યાત્મગીતા"મૂળગ્રંથતેના ગાન સ્વરૂપે ગુજરાતી,હિન્દીઅને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં શ્રુતભક્તિ સ્વરૂપે સાધકો સુધી પહોંચી રહ્યું છે;એ શ્રુતભક્તિ સંગીતના વાતાવરણમાં, સંગીતની દુનિયામાં,જૈન વિશ્વમાં એક અનુપમ ઘટનાછે.૭૩૦ દિવસમાં જ્ઞાનસાર ગ્રંથ તૈયાર કર્યો,જૈન સમાજના તમામ ગ્રંથોનો નિચોડ આ ગ્રંથમાં પહેલીવાર જૈન સમાજમાં ૪ મલ્ટી કલરમાં અને ૩ ભાષામાં ગ્રંથ લખાયો. ૩૫૦ વર્ષ પહેલા મહોપાધ્યય શ્રીમદ યશોવિજયજી એ આ ગ્રંથ લખ્યો હતો,હવે ડિઝિટીલાઇજેશનની સાથે શ્રાવકો સુધી પહોંચશે.આ પ્રસંગે મુંબઈ,અમદાવાદ,કચ્છ,બનાસકાંઠા, ઉત્તર ગુજરાતવિગેરેથીગુરુભકતો ગુરુભકતો,સામાજિક, આધ્યાત્મિક અગ્રણીઓ સહિત પ્રશાસનના અધીકારીઓઉપસ્થિત રહેલ.

# નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીના અધ્યક્ષ સ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ



કમલમ્,

જૂનાગઢ જિલ્લામાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ અંતર્ગત સુધારેલા જાહેરનામા તથા અત્યાર સુધી થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી જૂનાગઢ, તા. ૩ ભારતીય ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાંઆવેલા ખાસસઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ અંતર્ગત સુધારેલા જાહેરનામાતથા અત્યાર સુધી થયેલ કામગીરીની સમીક્ષા માટે આજ રોજ નાયબજિલ્લા ચૂંટણીઅધિકારીશ્રી નિકુંજકુમાર ડી. ધૂળાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિતરહ્યા હતા. આ બેઠકદરમિયાન સુધારેલ કાર્યક્રમની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. તેમજ ફોર્મ વિતરણ, ફોર્મ કલેક્શન અને ગણતરી ફોર્મના ડિજિટાઇઝેશન તબક્કાની આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં ડિજિટાઇઝેશન ૮૭.૫૩ ટકા પૂર્ણ કરવામાં આવી છે. તેમજ અનકલેક્ટેબલ ફોર્મ્સની સંખ્યા ૧,૪૦,૧૪૩(૧૦.૭૮ ટકા)છે.કુલ ૧૩,૦૦,૩૪૪ મતદારો પૈકી ૧,૪૦,૧૪૩ મતદારોનોસમાવેશ અનકલેક્ટેબલકેટેગરીમાં થાય છે. તેમાં મૃત્યુ પામેલા મતદારો ૫૧,૪૮૧,ગેરહાજર મતદારો ૧૬,૧૧૯,કાયમી સ્થળાંતર કરેલા મતદારો ૬૫,૯૪૦,પહેલેથીઅન્યત્ર નોંધાયેલા મતદારો ૫,૭૩૨,અન્ય કારણોસર ૩૭૧, અને કુલ ૨૧,૯૨૭ મતદારોએ હજી ફોર્મ સંબંધિત બી.એલ.ઓ.ને જમા કરાવ્યા નથી. જિલ્લાચૂંટણી અધિકારીની કચેરી દ્વારા રાજકીય પક્ષોને જે મતદારો એ ફોર્મ જમા નથી કર્યું તેવા લોકોને તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ફોર્મ જમા કરાવવામાં સહાયરૂપ થવા અપીલ કરી હતી. સમયસર ફોર્મ જમા ન કરનાર મતદારોના નામ તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થનાર ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બહાર નીકળી શકે છે. નવા મતદારોને પણ મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે ફોર્મ નં. ૬ ભરવાની અપીલ કરવામાંઆવી હતી.



**કમલમ્, મયુર પટેલ**

**ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ મહુવાના વિવિધ ગામોમાં રૂ.૧.૯૯ કરોડના ખર્ચે તૈયાર થનારા પ્રા.શાળાઓના નવા મકાનના કુલ ૧૦ ઓરડાનું ખાતમૂહર્ત કર્યું હતું. જેમાં મહુવાના મોટી ભટલાવમાં રૂ.૩૯.૮૬ લાખના ખર્ચે ૨, માણેકપોરમાં રૂ.૩૯.૮૬ લાખના ખર્ચે ૨, બેડી ફળિયા મઢીમાં રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે ૪ અને નાની ભટલાવમાં રૂ. ૩૯.૮૬ લાખના ખર્ચે ૨ એમ કુલ ૧૦ નવા ઓરડાઓ વિદ્યાર્થીઓની શિક્ષણ સુવિધા માટે તૈયાર કરાશે.**

# PM SHRI કેન્દ્રીય વિદ્યાલય સાબરમતીના વિદ્યાર્થીઓએ PM SHRI એકસપોઝર વિઝિટ કાર્યક્રમ હેઠળ પ્રેરણા સ્કૂલ અને પુરાતત્વીય અનુભવ મ્યુઝિયમ, વડનગરની મુલાકાત લીધી



કમલમ્,

PM SHRI સ્કૂલ્સ યોજના હેઠળ ચાલી રહેલી એક્સપોઝર વિઝિટ પહેલના ભાગરૂપે, PM SHRI કેન્દ્રીય વિદ્યાલય સાબરમતીના ૪૫ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોના જૂથે આજે ગુજરાતના વડનગર ખાતેની પ્રતિકાત્મક પ્રેરણાસ્કૂલ અને નવા ઉદ્ઘાટન કરાયેલા પુરાતત્વીય અનુભવ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. દિવસભરની આ શૈક્ષણિક યાત્રાએ વિદ્યાર્થીઓને ભારતનો સમૃદ્ધ પુરાતત્વીય વારસો અનુભવવાની અને દૂરંદેશી શૈક્ષણિક મોડલ્સમાંથી પ્રેરણા લેવાનીઅનન્ય તક પૂરીપાડી હતી. પ્રેરણાસ્કૂલ, જેઅનુભવજન્ય અને મૂલ્ય-આધારિત શિક્ષણનાસિદ્ધાંતો પર સ્થપાયેલી છે,

વિદ્યાર્થીઓએ શિક્ષકો સાથે સંવાદ કર્યો અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 સાથે સુસંગત નવીન શિક્ષણ પદ્ધતિઓ નિહાળી હતી. આ મુલાકાતે PM SHRI સ્કૂલ્સના મુખ્ય સિદ્ધાંતો — સર્વાંગી વિકાસ, ભારતીય મૂલ્યોમાં મૂળભૂતતાઅને ભવિષ્ય માટે તૈયાર શિક્ષણને મજબૂત બનાવ્યા. આ મુલાકાતનું મુખ્ય આકર્ષણ વડનગર ખાતેનું પુરાતત્વીય અનુભવમ્યુઝિયમ હતું, જે એક અત્યાધુનિક સુવિધાછે અને જે ઈમર્સિવ પ્રદર્શનો, ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે અનેપુરાતત્વીય કલાકૃતિઓ દ્વારા ભારતના હજારો વર્ષોના સંસ્કૃતિનાઈતિહાસને જીવંતકરે છે. વિદ્યાર્થીઓએ હડપ્પન કાળથી લઈને મધ્યયુગીન યુગ સુધીના પ્રદર્શનોનુંઅન્વેષણ કર્યુંહતું, અને ભારતના પ્રાચીન વેપાર, સંસ્કૃતિ અને શહેરી આયોજનમાં ગુજરાતનીમુખ્ય ભૂમિકાવિશે ઊંડી સમજણ મેળવી હતી. આ પ્રસંગે બોલતા, PM SHRI કેન્દ્રીય વિદ્યાલય સાબરમતીના પ્રિન્સિપાલ શ્રી દીપક સિંહ ભાટીએ જણાવ્યું,"આએક્સપોઝર વિઝિટ અમારા વિદ્યાર્થીઓ માટે એક સમૃદ્ધ અનુભવ રહ્યોછે. વડનગર મ્યુઝિયમમાંભારતના ગૌરવશાળી ભૂતકાળનેપ્રત્યક્ષ જોવોઅને પ્રેરણા સ્કૂલમાં શિક્ષણના ભવિષ્યવાદી વિઝનનો અનુભવ કરવો, તેણે અમારા બાળકોમાં જિજ્ઞાસા અને ગૌરવની ભાવના પ્રજ્વલિત કરીછે. PM SHRI યોજના હેઠળની આવીપહેલો ખરેખર દેશમાં શાળા શિક્ષણને પરિવર્તિતકરી રહી છે." એક્સપોઝર વિઝિટ કાર્યક્રમ્ સ SHRI સ્કૂલ્સ યોજનાનો એક અભિન્ન ઘટ છે, જેનો ઉદ્દેશ્ય પસંદગીના કેન્દ્રીય વિદ્યાલયો અને અન્ય સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને સમગ્ર ભારતમાં શૈક્ષણિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રેરણાત્મક મહત્ત્વના સ્થળોની મુલાકાતલેવાની તકોપૂરી પાડવાનો છે. કેન્દ્રીય વિદ્યાલય સાબરમતી, આ મુલાકાતને ભવ્ય સફળતા બનાવવા બદલ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને વડનગરના સ્થાનિક વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કરે છે.

